EDII

Divyabhaskar (Citybhaskar)

March 11, 2018
Page No.1

ઈન્ફોસિસના કો-ફાઉન્ડર ક્રિષ ગોપાલાક્રિષ્ણન કહે છે,

# 'બિઝનેસની રીત સંપૂર્ણપણે બદલી નાખશે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ'

## સ્ટાર્ટઅપ સમિટમાં આઈડિયા પ્રેઝન્ટેશન અને એક્સપર્ટ લેકચર

સિટી રિપોર્ટર | અમદાવાદ

'1940-50ના દાયકામાં જે રીતે ડિજીટલ કોમ્પ્યૂટર્સે બિઝનેસની



તરાહ બદલી માખી એ જ રીતે ભવિષ્યમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ(આઈઓટી) સહિતની ટેક્નોલોજીનો વર્તમાન પ્રવાય બિઝનેસની રીત સંપૂર્ણપણે બદલી નાખશે.' આ શબ્દો છે ઈન્ફોસિસના કો-ફાઉન્ડર ક્રિષ ગોપાલાક્રિષ્ણનના. ઈડીઆઈઆઈ ખાતે યોજાયેલી 'એમ્પ્રેસારિયો' સ્ટાર્ટઅપ સમિટના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે આ વાત કહી.

સ્ટાર્ટઅપ સમિટમાં એક્સપર્ટના લેકચર્સ ઉપરાંત સ્ટાર્ટઅપના આઈડિયાઝનું પ્રેઝન્ટેશન પણ થયુ હતું.

### સિલેક્ટેડ સ્ટાર્ટઅપને 40 હજારનું ફંડિંગ

ઈડીઆઈઆઈના ડાયરેક્ટર સુનિલ શુક્લાએ કહ્યું કે, 'જે વિદ્યાર્થીઓ પાસે સ્ટાર્ટઅપના આઈડિયા છે તેને બિઝનેસમાં કન્વર્ટ કરવા માટે ગુજરાત સરકારની સ્ટુડન્ટ્સ સ્ટાર્ટઅપ પોલીસી અંતર્ગત સિલેક્ટેડ સ્ટાર્ટઅપને 40 હજાર રૂપિયાનુ ફંડિગ કરાશે.'

# સુરેશ પ્રભુ NID ગાંધીનગરની મુલાકાતે

અમદાવાદ | ભારત સરકારના કોમર્સ અને ઈન્ડસ્ટ્રી મંત્રાલયના મંત્રી સુરેશ પ્રભુ આજે ઈડીઆઈઆઈની સાથે એનઆઈડી ગાંધીનગર કેમ્પસની સવારે 10.30 વાગ્યે મુલાકાત લેશે. સુરેશ પ્રભુ ડિઝાઈનના સ્ટુડન્ટ્સ સાથે સેશન યોજીને વાર્તાલાપ અને એજ્યુકેશન સિસ્ટમ વિશે વાત કરશે.